


વાર્ષિકોત્સવ - શિયાળામાં શાળા-મહાશાળાઓના વાર્ષિકોત્સવ યોજાતા હોય છે.... તાજેતરમાં ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનો વાર્ષિકોત્સવ ટાઉનહોલ ખાતે યોજાયો.... બાળકોમાં રહેલી આંતરિક શક્તિને ખીલવવા શાળા-મહાશાળા અવિરત તત્પર રહે છે... વાર્ષિકોત્સવમાં 'વિશ્વ ફેમીલી ફાર્મીંગ દિવસ'ની થીમ આધારીત કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. બાળકોએ રજૂ કરેલી વિવિધ કૃતિઓને શાળા પરિવાર, વાલીઓ તેમજ પ્રેક્ષકોએ ખૂબ જ દાદ આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# જી.પી.પી.નું ૨૫મીએ ભાજપમાં વિલીનીકરણ

ગાંધીનગર, તા. ૨૨

ભાજપ અને નરેન્દ્ર મોદી સામે જંગ છેડીને અલગ પાર્ટીની રચના કરનાર ગોરધન ઝડફીયા પોતાની પાર્ટી જી.પી.પી.નું ૨૫મીએ ભાજપમાં વિલીનીકરણ કરીને જોડાઈ જશે.

ગોરધન ઝડફીયાએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે જંગ છેડી ભાજપને અલવીદા કરી મહાગુજરાત પાર્ટીની રચના કરી હતી ત્યાર બાદ કેશુભાઈ પટેલે ભાજપ છોડતાં કેશુભાઈ સાથે હાથ મીલાવીને મજપાનું કેશુભાઈએ રચેલી ગુજરાત પરીવર્તન પાર્ટીમાં વિલીનીકરણ કરીન જી.પી.પી.માં જોડાયા હતાં.

ગત વિધાનસભા ચૂંટણીમાં જી.પી.પી.ને મળેલા પરાજય બાદ જી.પી.પી.ના અધ્યક્ષપદેથી અને ધારાસભ્ય પદેથી કેશુભાઈ પટેલે રાજીનામું આપી દેતાં જીપીપીનું ભાજપમાં વિલીનીકરણ થવાના સંકેત આપી દીધા હતાં.

આખરે આગામી ૨૫મીએ

● અનુસંધાન પાન-૭ પર

# જી.પી.પી.ના ભાજપમાં વિલીનીકરણ સામે સુરેશ મહેતાનો સખ્ત વિરોધ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત પરિવર્તન પાર્ટીના ભાજપમાં વિલીનીકરણના નિર્ણયનો જીપીપીના અગ્રણી અને પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાએ ઉગ્ર શબ્દોમાં વિરોધ કર્યો છે. ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખ ગોરધનભાઈ ઝડફિયાને લખેલા



એક પત્રમાં શ્રી સુરેશ મહેતાએ જણાવ્યું છે કે વિલીનીકરણ જેવા મહત્વના મુદ્દામાં મને વિશ્વાસમાં લેવામાં આવ્યો નથી તેનું દુઃખ છે. પક્ષના સ્થાપકો પૈકી હું પણ પ્રથમ દિવસથી જ પાર્ટી સાથે જોડાયેલો છું. તમને આવા નિર્ણય લેવાની સત્તા પણ નથી. સ્થાપક સભ્ય તરીકે હું આ નિર્ણયને સંમતિ આપતો નથી આવા સ્પષ્ટ ઉલ્લેખ સાથે તેઓએ વધુમાં લખ્યું છે કે પક્ષના મોટાભાગના કાર્યકરોને અંધારામાં રાખી વિલીનીકરણના નિર્ણય સામે મારો સખત વિરોધ છે. તેમની સાથે પક્ષના ઘણા બધા કાર્યકરો સંમત છે એવો સુર પણ શ્રી મહેતાએ વ્યકત કર્યો હતો.

આપ જાતે અથવા આપના જુથના સભ્યો ભાજપમાં જોડાય એનો કોઈને વાંધો ન હોઈ શકે પરંતુ પાર્ટી આખી ભાજપમાં વિલીન થાય એ શકય નથી. આપ વારંવાર સંગઠનો બનાવો છો અને પડીકા વાળો છો. જીપીપીના પ્લેટફોર્મ પર આવું નહીં બની શકે એ ધ્યાનમાં રાખજો. વિલીનીકરણનો વિચાર અટકાવી દેશો તો સૌનું ભલું થશે. આપણા સિધ્ધાંતોને ભાજપે સ્વીકાર્યા છે? અને જેને રાવણનો દરબાર કે હીટલર કહીને નવાજયા હતા તેમના નેતૃત્વમાં જવામાં તમારી શાન છે? કયાં સુધી લોકોને છેતરતા રહેશો. આપે જો ભાજપમાં જોડાવાનું નક્કી જ કર્યું હોય તો પક્ષનું બંધારણ, રેકોર્ડ, હિસાબો અને સભ્ય નોંધણીની વિગતો સોંપીને જશો. આપણે જે જે મુદ્દાઓ પર પક્ષની રચના કરી અને કાર્યકાળ દરમિયાન લડત આપી તેનું શું થયું તેની વિગતો પણ પ્રજા સમક્ષ મુકવી જોઈએ તેવી મારી સ્પષ્ટ માંગ છે. પરિવર્તન પાર્ટીનું વિલનીકરણ મને અને મારા જેવા અનેક સભ્યોને મંજુર નથી એમ સુરેશ મહેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું.

# સે. ૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોની સુધારણાનું કામ શરૂ

## પાંચ વર્ષ બાદ માર્ગ સુધારણાનું કામ હાથ ધરાયું ૧૪ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૨૨

શહેરમાં પાંચ વર્ષના અંતે જૂના સેકટરોના આંતરિક માર્ગોના નવીનીકરણનું કામ શરૂ કરી દેવાયું છે. જૂના સે. ૨૦થી ૩૦ના આંતરિક માર્ગોની સુધારણા માટે છેલ્લા દોઢ વર્ષથી પ્રબળ માંગ ઉઠવા પામી હતી. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૧૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરમાં મુખ્યમાર્ગોને ચકાચક રાખવાનું કામ સમયાંતરે હાથ ધરવામાં આવે છે. જ્યારે સેકટરોના આંતરિક માર્ગોની ઉબડ-ખાબડ હાલત સુધારવા અનેકવાર તંત્ર સમક્ષ રજૂઆત કરતા હતા. ઘણીવાર વિલંબ થતો હોય છે. જૂના સેક્ટરોના માર્ગ સુધારણાના કામ સંદર્ભે પણ આવી જ સ્થિતિ સર્જાતા દોઢ વર્ષની માંગળી અને રજૂઆતોના અંતે આખરે આ કામગીરી શરૂ કરી દેવાઈ છે. ગત વર્ષ દરમિયાન નવા સેકટરોના આંતરિક માર્ગોને ચકાચક બનાવવામાં આવ્યા હતા જ્યારે સે. ૨૦થી ૩૦ના આંતરિક માર્ગોનું કામ હાથ ધરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી. જૂના સેક્ટરોના આંતરિક માર્ગોનું કામ ૫ વર્ષ પૂર્વે થયુ હોવાથી હાલ આંતરિક રસ્તાઓ ગાબડાગ્રસ્ત અને ઉપડ-ખાબડ થતા હોવાથી આમ નાગરિકોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જ્યારે લાંબા સમયના અંતે સેક્ટરોના આંતરિક માર્ગોના કામને મંજુરી અપાતા આ કામગીરી આખરે શરૂ કરી દેવાઈ છે. સે. ૨૦ થી ૩૦ના આંતરિક માર્ગો ચકાચક બનાવવા અંદાજિત રૂ. ૧૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. ગત ચોમાસાના અંતે ધોવાયેલા માર્ગો આખરે ચકાચક બનાવવાનું કામ હાથ ધરાતા સ્થાનિક રહીશોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનું કામ હાથ ધરવા સ્થાનિક કોર્પોરેટરો દ્વારા પણ અનેકવાર રજૂઆત કરવામાં આવી હતી.

# 'ગ' માર્ગને મજબૂત બનાવવા ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે

## આગામી સપ્તાહના અંતમાં કામ શરુ કરી દેવાશે

ગાંધીનગર, તા. ૨૨

શહેરમાં માર્ગ નવીનીકરણના વિવિધ કામો અન્વયે રૂ. ૩૭ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો ઉપરાંત બાકી રહેતા મુખ્યમાર્ગો પણ નવીનીકરણ હેઠળ આવરી લેવાયા છે. શહેરના 'ગ' માર્ગને ચકાચક બનાવવાનું કામ પણ આગામી સપ્તાહના અંતમાં શરુ કરી દેવાશે.

માર્ગ નવીનીકરણના કામો અન્વયે જૂન સેકટરોના આંતરિક માર્ગો ઉપરાંત બાકી રહેતા અન્ય મુખ્યમાર્ગોને પણ ટનાટન બનાવવા તબક્કાવાર કામગીરી શરુ કરવામાં આવશે. આ મામલે રોડ નં.૧ તેમજ રોડ નં. ૪-બી ઉપરાંત જીઈબીથી સ્મશાન તરફ જતા માર્ગનું કામ હાથ ધરવામાં આવશે. જીઈબીથી અંતિમધામ તરફના માર્ગ પર મોટા ગાબડાઓ પડી ગયા હોવાથી લાંબા સમયથી આ માર્ગનું નવીનીકરણ હાથ ધરવા પ્રબળ માંગ ઉઠવા પામી હતી

● અનુસંધાન પાન-૭ પર










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com